જાન્યુઆરી થી જુલાઈ
૨૦૨૪

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



## શ્રી મહાલક્ષ્મી મંદિર, કાવિઠા

# EMERALD DEVELOPERS


## KAMLESH PATHAK

**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

જાન્યુઆરી થી જુલાઈ ૨૦૨૪ | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી કમલેશભાઈ પાઠક**

મો. 94265 11472

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**

મો. 9824358297

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી જયંતભાઈ જોષી

શ્રી હેતલકુમાર શુક્લ

શ્રી ધ્રુવ શુક્લ

શ્રી કૃતાર્થ જોષી

શ્રી દિગિશ દવે

શ્રી હાર્દિક શુકલ

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | જાહેરાત - કે. જે. કેમ્પસ - સાવલી | | ૦૪ |
| ૨. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૫ |
| ૩. | સતનું ધામ, મહાલક્ષ્મી મંદિર, મઘવાસ | સૌ. કિશોરભાઈ શુક્લ | ૦૬ |
| ૪. | પૌરાણિક મહાલક્ષ્મી મંદિર, શહેરા | સૌ. શૈલેષ પાઠક | ૦૭ |
| ૫. | ખુશીનું વૈદુ | | ૦૭ |
| ૬. | જાહેરાત-શ્રી વિદ્યામંદિર વિદ્યાલય | | ૦૮ |
| ૭. | જાહેરાત - ડોનાલ્ડ કીડ્સ | | ૦૯ |
| ૮. | જાહેરાત - ફેલાન્જ | | ૧૦ |
| ૯. | સિદ્ધિ સોપાન | | ૧૧ |
| ૧૦. | સમાચાર સંચય | | ૧૪ |
| ૧૧. | કાવ્ય - વરસાદ | મિનલ શુક્લ | ૧૭ |
| ૧૨. | કાવ્ય - મેઘ | માલિની જોશી | ૧૭ |
| ૧૩. | કાવ્ય - માતૃ-પિતૃ વંદના | વિજય પુરોહિત | ૧૮ |
| ૧૪. | કાવ્ય - ડિજિટલ મેડીટેશન | ધ્રુવ જોષી | ૧૮ |
| ૧૫. | કાવ્ય - કોણ ભૂલે ? | માલા પાઠક | ૧૮ |
| ૧૬. | જાહેરાત - ઉડાન | | ૧૯ |
| ૧૭. | જાહેરાત - સ્પેક્ટ્રમ આતિથ્ય | | ૨૦ |
| ૧૮. | જાહેરાત - રોહિત દવે, જોષી ચશ્માઘર | | ૨૧ |
| ૧૯. | વાર્તા - પૂર્વાપર | રાજેશ પંડ્યા - રાજ | ૨૨ |
| ૨૦. | શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, સાધારણ સભા | | ૨૩ |
| ૨૧. | જાહેરાત - બુદ્ધદેવ નેટવર્ક | | ૨૪ |
| ૨૨. | કિડની અને ગાયનેક મેડિકલ ચેકઅપ નિદાન કેમ્પ | | ૨૫ |
| ૨૩. | ન્યુમેરોલોજી વર્કશોપ | | ૨૫ |
| ૨૪. | શ્રીગૌડ સાડત્રીસ સમાજ - સાધારણ સભા અને ઈનામ વિતરણ | | ૨૬ |
| ૨૫. | હીટિંગ પેડના વિતરણનો કાર્યક્રમ | | ૨૭ |
| ૨૬. | સમસ્ત શ્રીગૌડ જીવનસાથી વોટ્સએપગ્રુપ | | ૨૭ |
| ૨૭. | શિષ્યવૃત્તિ માટેનું અરજીપત્રક | | ૨૮ |
| ૨૮. | જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર સહાય માટેનું અરજીપત્રક | | ૨૯ |
| ૨૯. | MYSY સ્કીમ | | ૩૧ |
| ૩૦. | શ્રદ્ધાંજલિ - શ્રીમતી સ્વાતિબેન રગુભાઈ જોષી | | ૩૨ |
| ૩૧. | શ્રદ્ધાંજલિ - સ્વ. જયશ્રીબેન નટવરલાલ પુરોહિત | | ૩૩ |
| ૩૨. | અવસાન નોંધ (જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪) | | ૩૪ |
| ૩૩. | સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત વેબસાઈટ ઈન્ટરનેટ લિંક | | ૩૫ |
| ૩૩. | જાહેરાત - સદાશીવ | | ૩૬ |
| ૩૪. | માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૩૭ |

**શ્રીગૌડ જાગૃતિના સર્વે વાચકોનું કલ્યાણ થાય એજ શુભેચ્છાઓ !!**

જયકા જનસહાયક ટ્રસ્ટ સંચાલિત

# K. J. CAMPUS - SAVLI

(શૈક્ષણિક સંકુલ)



ધર્મેશ ભાનુભાઈ પંડ્યા
(મેનેજીંગ ટ્રસ્ટી)

**K. J. INSTITUTE OF ENGG. & TECHNOLOGY**
ધોરણ ૧૨ પછીના ૪ વર્ષના ડીગ્રી એન્જીનીયરીંગ કોર્સ
ધોરણ ૧૦ પછીના ૩ વર્ષના ડીપ્લોમા એન્જીનીયરીંગ કોર્સ

**K. J. Institute of Ayurveda & Research**
ધોરણ ૧૨ પછીના ૪ ૧/૨ વર્ષના BAMS કોર્સ

**Kashiba Ayurvedic Hospital**
૬૦ બેડની આયુર્વેદિક હોસ્પિટલ

**S. B. College of Computer Application & Mgmt.**
ધો. ૧૨ પછીના ૩ વર્ષના BCA, BBA, BSW તથા બે વર્ષના
MSW - M.Sc. (I.T. - Cyber Security) Post Graduate Courses.

**Skill Development Courses**
SSC ધો. ૧૦ પછી ૪ મહિનાના સરકાર માન્ય FREE Skill Development Course
(વેલ્ડર, ફીટર, ઈલેક્ટ્રીશિયન, CNC ઓપરેટર, કસ્ટમર કેર એક્ઝીક્યુટીવ )

**K. J. Vidhyamandir**
KG થી ધો. ૧૨ સાયન્સ – ગુજરાતી અને English Medium સ્કૂલ

**Gyanshakti Residential School of Excellence**
ધો. ૬ થી ૧૨ ગુજરાતી મિડીયમ રેસિડેન્સીયલ સ્કૂલ

સફળતાપૂર્વક અભ્યાસ પુરો કર્યા પછી કેમ્પસ પ્લેસમેન્ટની વ્યવસ્થા



- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી **ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલ**ની સવલત
- વડોદરા શહેર થી **રાહત દરે કોલેજ બસ** સુવિધા

K. J. Campus, Opp. I.T.I., P.O. Savli - 391770, Dist : Vadodara.
Tele-Fax : 02667-222264
M.: 8980314190, 9408600500
info@kjit.org
www.kjit.org

# તંત્રી લેખ



શ્રીગૌડ જાગૃતિના તમામ વાંચક મિત્રો, શ્રી સ્વજનો ને રાજેશ પંડ્યા 'રાજ'ના પ્રણામ.

"શ્રીગૌડ જાગૃતિ" અંક હવે નિયમિત દર બે માસે પ્રદર્શિત થશે. મારી લેખક/કવિ તરીકેની અનેક કૃતિઓ તમે વાંચતા હશો એટલે પરોક્ષ રીતે મને દરેક શ્રીબંધુઓ ઓળખે છે. તમને અને મને જરાપણ અજાણ્યું લાગતું નથી.

આ અંક સહિત હવે પછીના તમામ અંકોમાં મેં આપણા અમૂલ્ય મુખપત્ર શ્રીગૌડ જાગૃતિની લોકપ્રિયતા વધતી રહે, અન્ય સમાજના મુખપત્રો એનું અનુકરણ કરે, એ રીતે નવીનતા સાથે આધુનિક રંગીન ઓપ આપ્યો છે. હવે પછી દરેક અંકોમાં નવીનતાનો આંક વધતો જશે.

મિત્રો, તમને નવાઈ લાગશે કે મારી શ્રીગૌડ જાગૃતિની તંત્રી તરીકેની એક જાહેરાત માત્રથી ધંધા-રોજગાર ચલાવતા અનેક બંધુઓએ સામેથી સંપર્ક કરી આખા પેજની અનેક જાહેરાતો ટૂંક સમયમાં આપી દીધી. બીજી નવાઈ એ લાગશે કે આપણી જ્ઞાતિના જ ઘણાં બધા સારા લેખનકારોએ સામેથી સંપર્ક કરી એમની સાહિત્યિક કૃતિઓ મને એક જ અઠવાડિયામાં મોકલી આપી. મેં લોકપ્રિયતાનું પ્રમાણ સામે રાખી સુધારા-વધારા બતાવી તમામ કૃતિઓ તૈયાર કરાવી દીધી. આપણા શ્રીબંધુઓની જ ઉચ્ચ કક્ષાની કૃતિઓ છપાય એ કેટલી આનંદની વાત કહેવાય.

સમાચાર સંચય વિભાગ માટે પણ ટુંક જ સમયમાં અનેક સિધ્ધિ સોપાનો સામેથી પ્રાપ્ત થયા. આપણે એને ફોટાઓ સાથે છપાવ્યા છે.

આપણો શ્રીગૌડ સમાજ ઘણો બહોળો છે. દરેક સમાજ એક ડિરેકટરી બનાવે છે. આપણા સમાજે પણ આવી હરોળમાં રહેવું પડે. આપણા શ્રીગૌડ સમાજની પણ એક ડિરેકટરી બનાવવાનું આયોજન કરેલું છે, આદર સાથે જણાવું કે એમાં દરેક ઘર સ્વયંભૂ સહકાર આપશો. આ ડિરેકટરી થકી આપણે એકબીજા સાથે વધુ સંગઠિત થઈશું.

અન્ય સમાજના સારા લક્ષણોનું અનુકરણ કરવું પડે. અન્ય સમાજ એમના સમાજના કોઈપણ કામ માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર હોય છે. આપણો ઉચ્ચ સમાજ આવું કામ કેમ ના કરી શકે?

હવે પછીનો દોર સંગઠનનો છે. થોડું મોટું મન રાખી એકબીજા પ્રત્યે આદરભાવ વધારી, સંબંધો પણ વધારીશું તો એની જાતે સંગઠન વધશે.

તમારી પાસેથી સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત દરેક બાબતોનો ઉત્સાહજનક આવકારો માંગે છે. મારી અંગત ઈચ્છા પણ એવી છે કે આપણી જ્ઞાતિનો લાંબા ગાળા સુધી સર્વાંગી વિકાસ ચાલુ રહે.

મિત્રો, હું તો લખતો જ રહીશ ને તમે વાંચતા જ રહેશો. આવતા સપ્ટેમ્બરના અંકમાં ફરી વિચાર ગોષ્ઠિ કરીશું. તમારા ઘેર કોઈપણ કારોબારી સભ્ય ડિરેકટરી બાબતે માહિતી લેવા આવે તો પ્રેમથી આપજો. એ આપણી નૈતિક ફરજ છે.

આપણી આસપાસ સફાઈ રાખીશું, એકબીજાનો આદર કરીશું, સંપીને રહીશું,વધુને વધુ એકબીજાને મદદગાર રહીશું.

**તંત્રીશ્રી, રાજેશ પંડ્યા 'રાજ' ના અનેક અનેક પ્રણામ**

---

**આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.**

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**
એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.
એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨
બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)
**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com
Website - https://samastshreegaudsamajgujarat.org
Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/
**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સતનું ધામ, મહાલક્ષ્મીજી મંદિર, મધવાસ (લુણાવાડા)

મહિસાગર જિલ્લામાં લુણાવાડા પાસે મહિસાગર નદીના કાંઠે વસેલું મધવાસ ગામ, બ્રાહ્મણ પરિવારોની સાથે તમામ હિન્દુઓનું એક અગત્યનું તિર્થસ્થાન ગણાય છે.

મહિસાગર નદી કાંઠે આવેલું,આજુબાજુની કુદરતી સુંદરતા વચ્ચે મહાલક્ષ્મી માતાનું મહાલક્ષ્મીજી મંદિર હજારો શ્રીગૌડ બ્રાહ્મણ પરિવારોના કુળદેવી છે. તમામ હિન્દુ પરિવારોની આસ્થાનું પ્રતિક છે. એક અગત્યનું સતનું સ્થાનક છે. અહીં પૂરી આસ્થા સાથે લીધેલી ટેક કયારેય નિષ્ફળ જતી નથી. માતાજી હાજરાહજૂર છે એના ઘણાંને અનુભવો થયા છે.



દર્શનાર્થીઓ દૂર દૂરથી દર્શનાર્થે હોંશે હોંશે અહીં આવે છે. લીધેલી ટેક પૂરી થતાં અનેક શ્રધ્ધાળુઓ નવચંડી, હવનો કરાવે છે. અહીં માતાજીનો ચમત્કાર નહિ પણ આશીર્વાદ જ હોવાથી સુખ અને સંતોષ બંનેની પ્રાપ્તિ થાય છે.

મંદિરનો ઈતિહાસ અદભૂત છે. ફોટામાં દેખાય છે એ મૂર્તિ, માતાજીનું મુખ પૂર્વાભિમુખ હતું, મંદિરમાં માતાજીની પીઠ ગામ તરફ રહે એમ હતી. આદરણીય શ્રી અનોપરામ શાસ્ત્રી, લુણાવાડા સ્ટેટના રાજગોર શ્રી દામોદરભાઈ દ્વિવેદી, કડાણા સ્ટેટના રાજગોર શ્રી ગણપતભાઇ ગોર અને અનેક વિદ્વાનોએ માતાજીની મૂર્તિને હોમ,હવન સાથે ગામ તરફ મુખ રહે એમ સ્થાપિત કરી. પૌરાણિક મંદિરને સગવડતા સાથેનું મંદિર બનાવવા રાત-દિવસ એક કરનાર પૂજય પૂનમચંદ નરોત્તમ શુકલે એકલા હાથે ઘણી મહેનત કરી.

શ્રી અનોપરામ શાસ્ત્રીજીએ પોતાના સ્વહસ્તાક્ષરમાં નોંધ લખી છે કે મંદિરથી પાસે આવેલ ઉમરિયા આરા માં રાતે અનેક દીવાઓ ઝગમગતા એમણે અને ગામના અનેક સ્થાનિક લોકોએ નજરોનજર જોયાં છે. માતાજીની હાજરીનો પૂરાવો એ વિચાર અયોગ્ય કહેવાય પણ જેમણે અનુભવ કર્યા છે એનો તો સ્વીકાર જ કરવો પડે.

૧૯૭૩ની સાલમાં મહિસાગર નદીમાં પૂર આવ્યું હતું. આખું મધવાસ અને આસપાસના અનેક ગામો પૂરમાં ડૂબી ગયાં હતાં. પૂરના પાણી ઓસરતાં ગામોમાં તકલીફો દેખાઈ પણ મહાલક્ષ્મીજી મંદિર જે નદીને અડકીને છે એને ઉની આંચ આવી નહોતી. આનાથી મોટી કંઈ શ્રધ્ધાની વાત હોઈ શકે. બાકી દૂર દૂર સુધી એકલો વિનાશ જ સર્જાયો હતો.

સૌજન્ય આપનાર શ્રી કિશોરભાઈ શુકલના ઘેર છ્યાસી વરસથી હજી અંખડ દીવો વિનાશક પૂર સમયે એમની હાજરી હતી તો પણ હજી ચાલુ છે.

મહાલક્ષ્મીજી મંદિર, લુણાવાડા, મધવાસ પહોંચવા લુણાવાડાથી માલપુર-મોડાસા વાળા રોડ ઉપર મહિસાગર નદીના બ્રીજથી થોડું પહેલાં મધવાસ ગામ તરફ જવાનો માર્ગ આવે છે. મુખ્ય માર્ગથી એકાદ કિલોમીટર નદીને સમાંતર પાકા નાના રોડ ઉપર જવું પડે છે.



ઈ.સ. ૧૯૫૦-૫૧

આગામી શ્રાવણમાસમાં અને પછી વરસમાં બે-ત્રણ વાર આવું કુદરતી, ઝાકઝમાળ મધ્યમ પણ અગત્યનું તીર્થ એવા સતનું પૌરાણિક ધામ મહાલક્ષ્મીજી મંદિર, લુણાવાડા, મધવાસ ની અચૂક મુલાકાત લેવી જોઈએ. મંદિરમાં રહેવાની અને ઉચ્ચ ભોજનવ્યવસ્થા વિશે આવતા લેખમાં ચર્ચા કરીશું.

(સૌજન્ય કિશોરભાઈ શુકલ, મોડાસા)

# પૌરાણિક મહાલક્ષ્મી મંદિર, શહેરા

પંચમહાલ જિલ્લામાં ગોધરા-લુણાવાડા વચ્ચે આવેલું શહેરા પરગણું, શ્રીગૌડ બ્રાહ્મણ સમાજ માટે અને અન્ય સમાજ માટે ઘણું અગત્યનું ધાર્મિક સ્થળ ગણાય છે. આપણે થોડું એના ધાર્મિક માહત્મ્ય વિશે વાત કરીએ.

આજથી લગભગ અંદાજિત ૯૦૦ વરસ પહેલાંનું પૌરાણિક મહાલક્ષ્મી મંદિર અહીં આવેલું છે. શ્રીગૌડ બ્રાહ્મણ સમાજના એ કુળદેવી છે. પદ્મપુરાણના પાતાલખંડ માં પણ આ પવિત્ર સ્થળનો ઉલ્લેખ જોવા મળે છે.

મુસ્લિમ સુલ્તાન મહમદ ગઝનવીએ જ્યારે ચઢાઈ કરી અને તમામ હિન્દુ મંદિરોને ખંડિત કરતો કરતો આગળ નીકળતો હતો, જ્યારે આ મંદિર પાસે આવ્યો ત્યારે સચોટ બ્રહ્મતેજ ધરાવતા બ્રાહ્મણ શ્રેષ્ઠ પીતાંબર શુકલે ડર રાખ્યા વિના સુલ્તાનને પડકાર્યો. શામવેદના મંત્રના સચોટ મંત્રોચ્ચાર કર્યા અને સુલ્તાનને શરત કરી કે જો આ મંદિરનું અખંડ સત સત્ય હોય તો ઘોડો અને ગાય ઘાસ ખાતાં અટકી જશે. ઘોડો અને ગાય ખરેખર ઘાસ ખાતા અટકી ગયાં. ગઝનવી મંદિરને ખંડિત કર્યા વિના આગળ નીકળી ગયો મહાલક્ષ્મી માતાની મૂર્તિ અંખડ રહી. માતાજીની સાક્ષાત કૃપા હોય તો જ મંદિર બચી જાય એ પુરાવો ન ગણીએ પણ માતાજીનો સાક્ષાત્કાર ગણાય. અહીં ખૂબજ ઉંચું પ્રાણતેજ ફેલાવતા સાત શિવાલયો પણ છે.



મંદિરે વરસો સુધી એક ધર્મશાળા સાથે એનું અસ્તિત્વ સુંદર રીતે ટકાવી રાખ્યું હતું. આજથી અંદાજિત ૧૦૦ વરસ પહેલાં પૂજ્ય ગિરિજાશંકર શુકલ(નાના શુકલ ) પરિવાર દ્વારા આ મંદિરનો લોક ઉપયોગ થાય એ મુજબ એ સમયે જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી.એ બાબત નોંધનીય છે.

પવિત્ર શ્રાવણમાસમાં, માતાજીની નવરાત્રીમાં, દિવાળીના દિવસોમાં અને કાયમ માટે આવા તેજ લિસોટો ધરાવતા મંદિરની અચૂક મુલાકાત લેવી જોઈએ.

(સૌજન્ય શૈલૈષભાઈ પાઠક,શહેરા)

રાજેશ પંડ્યા 'રાજ', તંત્રીશ્રી

## ખૂશીનું વૈદુ

### સર્વ સામાન્ય કાયમ માટે લેવાય એવી ઔષધિઓ

- ડાયાબિટીસ - આમળાં+હળદર
- ટી.બી -શિલાજીત
- હીમોગ્લોબિન -મંડૂર
- રકતપિત્ત-અરડૂસી રસ
- જટિલ ખાંસી-ભોરિંગણી+ત્રિકટુ
- પેશાબના રોગો-ગોખરૂ
- કબજિયાત-ત્રિફળા
- મોટાપા-મધ+પાણી
- એસિડિટી-દ્રાક્ષ
- મંદાગ્નિ-આદુરસ+લીંબુરસ +સિંધવ
- શ્વાસ-ભારંગમૂળ કવાથ+સૂંઠ
- તાવ- કરિયાતું+નાગરમોથ+પિત્ત પાપડો
- ઝાડા-કડાછાલ
- આંખના રોગ-ત્રિફળા
- અરુચિ-બિજોરુ+આદુનો રસ

**ISO 9001 : 2015 CERTIFIED**

# Shree Vidyamandir Vidyalaya

Standard 1 to 12 (Comm)

(English, ગુજરાતી Medium)










## Managing Committee

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

**ISO 9001 : 2015 CERTIFIED**



# Donald Kids

**Nursery, Junior KG, Senior KG**

(English, ગુજરાતી Medium)









**Managing Committee**


- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

**Opp. Yash Complex, Nr. Pushpam Society,**
**Opp. Shivam Party Plot, Gotri, Vadodara.**

# PHALANGE
## INDUSTRIES PVT. LTD.

### A 06 Years Old Company Having 30 Years Experience


**Kitchen Ventilation**



**Industrial Exhaust**



**Linear Grills**



**Air Handling Unit**



**Evaporative Cooler**



**Exhaust Fan**



**MS Angle Fabrication**



**Duct Fabrication**



**INDUSTRIAL VENTILATION | COMMERCIAL AIRCONDITIONING | HVAC FABRICATION | DUCT MANUFACTURING**

Fresh Air Input | Heat Rejection | Evaporative Cooling | Air Washer System | Exhaust fans | Commercial Kitchen Ventilation

:- Ideal For :-

Industrial Areas | Production Floors | Hotels | Hospitals | Pharmaceutical Companies | Textile Industries | Food Industry

50, Gajanan Industrial Park, Old Ambika Mill Compound,
Nr. Vatva Railway Overbridge, Vatva, Ahmedabad - 382445
Phone : 079-29704567
Mobile : 9924128546, Email :prashant@phalangeindustries.com

# સિદ્ધિ-સોપાન

કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રૂપ દ્વારા અમદાવાદ કવિ સંમેલન તા.૨૩/૬/૨૦૨૪ ના રોજ હોટેલ રિવેરા, ઈન્કમટેક્ષ, અમદાવાદ ખાતે યોજાયું હતું.




શ્રીગૌડ સમાજના શ્રીબંધુ, લેખક/કવિ શ્રી અને શ્રીગૌડ જાગૃતિના તંત્રી એવા શ્રી રાજેશભાઈ કે પંડ્યા - ‘રાજ’ની ચાવીરૂપ ભૂમિકામાં આ સંમેલન યોજાયું હતું.

શ્રી રાજેશભાઈને અઠવાડિક સાહિત્ય સ્પર્ધાઓ પૂરા વરસની માં મુખ્ય નિર્ણાયકની અગત્યની ભૂમિકા ભજવવા બદલ રત્ન એવોર્ડ અને શાલ થી એમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આદરણીય રાજેશભાઈ પંડ્યા રાજ એ સંયુક્ત ૮ પૂસ્તકોમાં, ઈ-મેગેઝીનોમાં અનેક સાહિત્ય ગ્રુપોમાં લગભગ ૬૦૦ ઉપર વાર્તાઓ, ૧૦૦ જેવા લેખો અને ૯૦૦ જેવી કવિતાઓ, હાઈકુ અને તમામ સાહિત્ય પ્રકારોની રચનાઓ લખી છે. ૪૦૦ ઉપર સન્માન પત્રો, એવોર્ડો જીત્યા છે. આપણી શ્રીગૌડ જ્ઞાતિનું ગૌરવ ગણાય. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને ખૂબ ખૂબ અભિનંદન આપે છે







ચિ. મૃણાલ અજયભાઈ શુકલ, કેનેડા નું ભરતનાટ્યમ આરંગેત્રમ નૃત્યનું solo performance તારીખ 2nd july,2023 ના દિવસે Meadowvale Theatre,Canada માં રાખેલું હતું. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે.



## જ્ઞાતિ રત્ન

અમદાવાદ સ્થિત શ્રી સંજયભાઈ ભટ્ટ અને શ્રીમતી નયનાબેન ની સુપુત્રી ચી.દેવાંગીનું નારી રત્ન સન્માન સમારોહ અંતર્ગત મોમેન્ટો અને સર્ટિફિકેટ આપી વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યું...

દીકરી દેવાંગી, માતા પિતા અને પરિવારને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...



શ્રી શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિ જીર્ણ પક્ષ (૧૩૫) દસ ગામ પંચ સમસ્ત, કાલોલ જ્ઞાતિ ના પાયલબેન જોશી જેમણે સંસ્કૃત વિષય માં ૬ ગોલ્ડ મેડલ એમ એસ યુનિવર્સિટી માંથી મેળવી જ્ઞાતિનું ગૌરવ વધારવા બદલ તેમને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવીએ છીએ .

- શ્રી શ્રીગૌડ જ્ઞાતિ જીર્ણ પક્ષ દસ ગામ પંચ સમસ્ત,
કાલોલ શ્રી મહાલક્ષ્મી મંદિર

પ્રો હાર્દિક શુક્લને ISHRAE (INDIAN SOCIETY FOR HEATING, REFRIGERATING & AIR-CONDITIONING ENGINEERS), AHMEDABAD CHAPTER દ્વારા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિઅન, અમદાવાદ ખાતે તારીખ 8 જૂન ને શનિવાર ના રોજ વિજયભાઈ પંચાલ ( પ્રેસિડેન્ટ, ISHRAE અમદાવાદ ચેપ્ટર ) ના હસ્તે "Certificate of Appreciation" આપવામાં આવ્યું હતુ. **સમસ્ત શ્રીગૌડ સમાજ -ગુજરાત તેમને અભિનંદન આપે છે.**






**કવિતાબેન તથા અજયભાઇ એમ. જોષી ના સુપુત્ર**

**આયુષ જોષીને**

**S.S.C.બોર્ડ 10th એક્ઝામ માર્ચ૨૦૨૪માં 98.90 PR. ...સાથે ઉતીર્ણ થવા બદલ મહાલક્ષ્મી ગ્રૂપ , શ્રીગૌડ સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન...**

**ચિ.કાવ્યા પરેશભાઈ દવે-વડોદરા**

**એ માર્ચ- 2024 ની HSC બોર્ડની ધોરણ 12 (sci) ની પરીક્ષામાં 586/650 ગુણ મેળવી જવલંત સફળતા હાંસલ કરી છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે.**





ખેલ મહાકુંભ અંતર્ગત અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની ઈન્કલાઈન સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ હતી. **ચિ. મિષ્ટી તેજસભાઈ શુકલ** ને સ્પીડ સ્કેટિંગમાં બે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો.

મિષ્ટી અત્યાર સુધીમાં રાજ્યકક્ષાએ નવ કાંસ્ય પદક અને એક રજત પદક જીતી ચૂકી છે નેશનલ કક્ષાએ પણ એ એક કાંસ્ય પદક જીતી ચૂકી છે મિષ્ટીનું સપનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરવાનુ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત તરફથી ખૂબ ખૂબ અભિનંદન.



Aarya Kalpit Joshi- Age-5 years, studying in Jr KG - Bright school, secured Gold Medal in National level Painting competition (celebration of colors - Rangotsav competition) in her category. Congratulations to Dear AARYA from Samasta Shreegod Samaj - Gujarat



**શ્રી તરુણભાઈ ભીખાલાલ શુક્લ, અમદાવાદ/ મધવાસ તરફથી મહાલક્ષ્મી માતાજી, મધવાસના ચરણમાં ₹1,25,000 ભેટ મૂકી મહાલક્ષ્મી માતાજી નું મંદિર અને ધર્મશાળા ટ્રસ્ટ, મધવાસને સુપ્રત કરેલ છે**

# સમાચાર સંચય

(૧) ચિ. કોમલ પ્રકાશકુમાર દવે ને તેમની Ph.D. (ARTS) ની પદવી પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને ફરી એકવાર અભિનંદન પાઠવે છે.

(2) Institute for plasma research ગુજરાતમાં CBSC શાળાના શિક્ષકો માટેની Project competition માં ચિ.જિમિત રાજેશભાઈ પંડ્યાનો બીજો નંબર આવેલ છે.સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન પાઠવે છે.



(૩) Jihaan Dave - S/o Abhijat Deepak Dave, residing at Mahavirnagar, Kandivali (W), Mumbai - scored 94.4% in his IGCSE (Cambridge) Xth Science board. *Congratulations to Jihan from Samasta Shreegod Samaj-Gujarat.

(૪) ચિ. સ્મિત પાઠક નું I T. (DGREE) નું રીઝલ્ટ 9.0 CGPA આવેલ છે તે બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને પાઠવે છે.




(૫) ચિ. શુભમ ઉન્મેષભાઈ જોષી એ કેનેડા માંથી મિકેનિકલ એન્જિનિયરિંગ માં માસ્ટર-ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે.

(૬) ચિ.જયકુમાર તરુણભાઈ શુકલ,વરધરી એ SSC Board ની માર્ચ 2024 ની પરીક્ષામાં 516/600 ગુણ મેળવી જવલંત સફળતા હાંસલ કરી છે.સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને ખૂબ ખૂબ અભિનંદન આપે છે.

(૭) ચિ. માહી સચીનકુમાર જોષી-બાયડ એ માર્ચ- 2024ની SSC બોર્ડ પરીક્ષામાં 458/600 ગુણ મેળવી સફળતા પ્રાપ્ત કરેલ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે.



(૮) Mr. Ankur pathak won Man of the match in sun pharma tournament at vadodara. Congratulations to Ankur from Samasta Shreegod samaj-Gujrat.

(૯) Dr. SHUBHANGI SHUKLA— wife of DR. DHWANIL PANKAJ SHUKLA( Ph.D - Aerospace- from USA) has obtained Ph.D. degree in following discipline from USA.- “Doctor of Philosophy in Mechanical Engineering (Fluid Dynamics)” Congratulations to DR.SHUBHAGI from samasta Shree god Samaj-Gujarat

(૧૦) શ્રીગોડ સમાજનું ગૌરવ.ગુજરાતની એકમાત્ર પાર્ટિસિપન્ટ સિલેક્ટ થઈ. હેલી ભટ્ટ (વડોદરા ) ગુજરાતનું ગૌરવ. દૂરદર્શનના રિયાલિટી શો ભારત કા અમૃત કળશમાં વડોદરાની દીકરી સુશ્રી હેલી ભટ્ટે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું દૂરદર્શન દ્વારા આ કાર્યક્રમ યોજાયો હતો. નેશનલ લેવલે ૮૦ જેટલા ગાયકોની પસંદગી થવા પામી હતી તેમાંથી અંતિમ ૧૨ ફાઈનલિસ્ટ સુધી પહોંચવામાં સુશ્રી હેલી ભટ્ટ ને સફળતા મળી છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે.

(૧૧) મુખ્યમંત્રીના નિવાસસ્થાને ગુજરાતના પ્રોફેસરો, રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, વિજય પંડ્યા, રતિલાલ બોરીસાગર, રજનીકુમાર પંડ્યા જેવા વડીલ સાહિત્યકારો સાથે આપણા જ્ઞાતિના ચેતનભાઈ શુકલ ને પણ એક સાહિત્યકાર નિમંત્રણ મળ્યું હતું જે ગૌરવની વાત છે. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને ખૂબ ખૂબ અભિનંદન આપે છે.

(૧૨) શ્રી પંકજકુમાર પંડ્યાના પૌત્ર, તે શ્વેતા અને વિશ્વેશ પંકજકુમાર પંડ્યા ના પુત્ર ચિ. રૂદ્રાંગ ના યજ્ઞોપવિત સંસ્કાર (તા. 30 નવેમ્બર) નિમિત્તે તેમના તરફથી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ને રૂ.૧૧૧૧/- સપ્રેમ ભેટ આપેલ છે. પરિવારનું અભિવાદન કરીએ છીએ. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત તેમને અભિનંદન આપે છે.



(૧૩) શ્રીગૌડ વૈશ્વિક ૬૦૦ સભ્યોનું વોટ્સએપ ગ્રૂપ દ્વારા સ્વયંભૂ ટુર આયોજન

શ્રીબંધુઓ એકબીજા સાથે મળે અને જુની-નવી અમુલ્ય યાદોંની,વિચાર-વિમર્શીની આપ-લે થાય એ હેતુએ આ ગ્રુપના સંચાલકો શ્રી વિપુલ ભાઈ દવે અને શ્રી રાજેશભાઈ પંડ્યા *રાજ દ્વારા એક ટુરનું આયોજન કરાયું હતું. પ્રવાસન સ્થળ તરીકે ૧) મહાલક્ષ્મી મંદિર, લુણાવાડા, મધવાસ,૨) કલેશ્વરી મંદિર, બાકોર, ૩) મલેકપુર સ્વયં ભૂ હનુમાન,૪) મરડેશ્વર મહાદેવ, શહેરા ૫) મહાલક્ષ્મી મંદિર, શહેરા ની મુલાકાત લીધી હતી.



મધવાસ મંદિર ટ્રસ્ટ અને મહાલક્ષ્મી મંદિર ટ્રસ્ટ, શહેરાએ આ શુભેચ્છા મુલાકાતમાં અનન્ય ઉત્સાહ બતાવી સૌહાર્દ પુર્ણ ભાવના બતાવી હતી. સમસ્ત શ્રીગૌડ સમાજ- ગુજરાત શ્રીબંધુઓની ટુરના સફળ આયોજન બદલ બંને સંચાલકોને અભિનંદન પાઠવે છે.

(૧૪) સુજ્ઞ શ્રી પરીવાર જનો માતૃ દિવસની ઉજવણી ના ભાગ રૂપે સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત અને BRIEA ના સંયુક્ત ઉપક્રમે 12 મે 2024 થી 19 મે 2024 દરમિયાન માત્ર ₹249 માં સમાજ ની મહિલાઓ અને માતૃ શક્તિ માટે સંપૂર્ણ શારીરિક તપાસ (7 Tests- 72 parameters) નું

આયોજન કરાયું હતું. જે માટે બ્લડ કલેક્શન ઘરેથી કરવામાં આવ્યું હતું અને તેના રિપોર્ટ WhatsApp ના માધ્યમથી પહોંચાડવામાં આવ્યા છે. આ આયોજન અંતર્ગત કુલ 173 સમાજ ની મહિલાઓ અને માતાઓ એ લાભ લીધો છે જે અત્યંત આનંદદાયક અનુભવ રહ્યો છે.

આ આયોજન શ્રી બંધુ શ્રી બીરેન અનંતરાય શુક્લ (BRIEA) ની ઉમદા સમાજ સેવાની ભાવનાને કારણે શક્ય બન્યું છે. સમસ્ત શ્રી ગૌડ સમાજ ગુજરાત વતી અમો તેઓનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. સમાજ ની માતાઓ અને મહિલાઓ એ પણ અભૂતપૂર્વ ઉત્સાહ દાખવ્યો અને આ યોજના હેઠળ 173 મહિલાઓ એ લાભ લીધો તે અત્યંત આનંદદાયક વાત છે.

Hetalkumar Shukla & Pankajbhai Shukla
(Medical wing SSSG)

(15) સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ની શૈક્ષણિક પાંખ આયોજિત

Career Guidance Seminar - 05 એપ્રિલ 2024 (શુક્રવાર) - સાંજે 5:30 PM

ધોરણ દસ અને બાર ના વિદ્યાર્થીઓ ની મૂંઝવણ દૂર કરવા વિવિધ વિકલ્પ ની જાણકારી આ સેમિનાર મા કારકીદી માર્ગદર્શન તજજ્ઞો દ્વારા આપવામા આવશે.

ઉપરોક્ત કાર્યક્રમ મા વિવિધ અભ્યાસક્રમો, એલીજીબીલિટી ક્રાઈટેરિયા, સ્કોલરશીપ સ્કીમ, ફી માફી યોજના, EWS વિગેરે અંગે ની વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

તજજ્ઞો : દેવાંશી જોષી, કામાક્ષી પંડ્યા, કૃતાર્થ જોષી, હાર્દિક શુક્લ, દિગીશ દવે, હેતલ શુક્લ, વ્યોમેશ પાઠક

YouTube Link - https://www.youtube.com/watch?v=QC6HxOr-Hno



# વરસાદ

મોરલાના સાદે જોને, આવીયો વરસાદ
ધરતીના છોરું માટે, લાવીયો પરસાદ
ભીની માટીની મસ્ત, ભીની સુવાસ
મનનો થનગનાટ કરે, નભનો પરવાસ
લીલોતરી લહેરાય જાણે, પરભુની મહેર
છબછબિયાં ભરાય, ઊટે દરિયાશી લહેર
વીજળી કડકે, ફેકે લીસોટાના પાશ
પોરિયા રમે, તારે હોડીના ગરાસ
ઝૂમતીડાળીઓ સંગ, પંખીડા રમતા
પીંછા ફફડાવી ધાર, રૂદિયામાં ભરતા
કુદરતી આ અળસર, હરકોઈ માણતા
મલ્હારી મોસમાં, ભીના ઝાંઝરીયા રેલાવતા
આવતો આવતો તું, રહેજે વરસાદિયા
ફૂલોથી રંગીની ભરી, મહેકાવજે દુનિયા
એક તાત અંબરે, બીજો ધરાએ
વટનો સવાલ, કોણ હેરે વધારે
સુખદુઃખ ભુલાવી, મોજે કરાવે મેવલિયો
સૃષ્ટિને રમમાણ કરી, થરકાવે મેઘલો

- મિનલ શુક્લ

# મેઘ

મેઘ કરે છે અજબ માયા કે, નીજ ને વધુ નજીક લાવે છે આ
વર્ષે છે ધરા પર કંઈક એવા કે ના રહી શકે કોઈ જન અહીં કોરા
એકલતા ને પણ એકલો નતી મૂકતો આ
અતિત, વર્તમાન ને ભાવીની ગોષ્ઠિ તરફ લઈ જાય તાણી
ઘડીક ઉઘાડ કાઢીને વરસે ધોધમાર ફરી
સાહજિક રીતે બતાવે છે જીવનની દોરવણી
ખેડૂતે રગદોળ્યા માટીમાં કરને કરી છે શુભ બીજ રોપણીની તૈયારી
ભૂલકાઓને મન છબ છબીયા ને ભીંજાવાની છે તાલાવેલી
આલુ, જાંબુ, લીચી ને ચેરી ખાઈ થઈ સૌની તંદુરસ્તી સારી
મોર અને કોયલના ટહુકા સાથે કાળા
ડિંબાગ વાદળોએ પુરાવી સોનેરી હાજરી, ભીંજાઈને વસુંધરા તો ધરાય પણ આ મન ?
મન ક્યાં કદી ભરાય ખરું ને ?

- માલિની જોશી પાઠક, વડોદરા

(પ્રેમાનંદ સાહિત્ય સભામાં કવિયત્રી સંમેલન માં રજૂ કરવાનો લ્હાવો મળ્યો.)

# માતૃ-પિતૃ વંદના

(છંદ - શાર્દુલ વિક્રિડિત)

વ્હાલી મા તમને નમું હૃદયથી આપ્યો મને જન્મ જે,
સંપૂર્ણ નવ માસ રાખી કુખમાં વેઢી ઘણી યાતના
મારા સ્વાસ્થ્ય તણી કરી ફિકર તેં ત્યાગ્યું ઘણું ભોજન,
જેથી હું પથ આપના સુમધુરા સંતોષથી પી શકું.

માતાજી ચ પિતાજી દેવ સરખાં માની પૂજાં, પ્રેમથી,
પ્રક્ષાલું તવ પૂજન પાદ કમળો ગંગોષ્ક સ્નેહથી.
અંગુલી પકડી પિતા જગતમાં, ધું માપીને કેળવ્યો,
તેથી યોગ્ય બન્યો હું આ જીવનમાં, માણી શક્યો સુખસૌ.

હું સેવા કરું આપની ઘડપણે, રાખી અપેક્ષા નહીં,
ફક્ત એક જ ધ્યેય હું સુખી બનું ઉરે મહેચ્છા ધરી
આપ્યા ભોગઘણા તમે જીવનમાં તે ના હું ભૂલી શકું
લાખો ઉપકારોનું ઋણ કદિ ઉતારી ના હું શકું.

શિક્ષા આપી તમે ઘડ્યો અભણને, કષ્ટો સહી હું શકું,
ન ગુણો ન બનું કદિ, વિસરજો ભૂલી બધી પ્રાર્થું હું.

- વિજય પુરોહિત

# ડિજિટલ મેડીટેશન

મનનો ડેટાબેઝ નિત ફંફોસી રહ્યો છું,
ફેસબુકમાં એક ફેસ શોધી રહ્યો છું.
ધરમનો ઘણો જંક ડીલીટ કરી રહ્યો છું.
વિરહી ગ્રૂપમાં શ્યામ સુંદર શોધી રહ્યો છું.
અટકવા ના દઉં ફોનની બેટરી જરાયે,
પારવબેંક સાથ લઈજો ફરી રહ્યો છું.
ગાગા, લગાગા નિત ગણગણી રહ્યો છું.
વોઈસ મેલ ઈશને ફોરવર્ડ કરી રહ્યો છું.
ભલે કોઈ માને એડિકશન થયું છે,
ફક્ત શ્યામ પ્રેમે અપલોડ થઈ રહ્યો છું.

- ધ્રુવ જોષી

## કોણ ભૂલે ?

વીતી ગયેલું સ્વપ્ન બાળપણને કોણ ભૂલે ?
એ ધીંગા-મસ્તીને તોફાનોને કોણ ભૂલે ?
વીતી ગયેલી સોનેરી યાદોને કોણ ભૂલે ?
જુના સુમધુરા દિવસોને કોણ ભૂલે ?

ઋતુએ ઋતુની કરેલી મજાઓને કોણ ભૂલે ?
ઝાડે પાડેલ 'કેરી' ને 'જાંબુને કોણ ભૂલે ?

માતા-પિતાના નિ:સ્વાર્થ પ્રેમને કોણ ભૂલે ?
"માલા"એ પાથરેલ સ્નેહ સમંદરને કોણ ભૂલે ?

- માલા પાઠક, વડોદરા

# ઉડાન એક નવા સફર ની, ઉડાન સપનાથી હકીકતની




GIVE WINGS TO YOUR KID

શિક્ષા ભી, સંસ્કાર ભી.

સતત ૬ વર્ષથી શિસ્ત, નિયમિતતા અને ગુણવત્તાસભર શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોત્તમ પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કૂલ

પ્લે ગ્રુપ | નર્સરી (૪ વર્ષ) | જુનિયર કે.જી. (૫ વર્ષ) | સીનીયર કે.જી. (૬ વર્ષ)

ધોરણ ૧ થી ૮ (ગુજરાતી માધ્યમ)

STANDARD 1ST TO 5TH (ENGLISH MEDIUM)

સ્કૂલ બેગ / વર્ક બુક્સ / યુનિફોર્મ (૨ જોડી) / સ્વેટર / હેલ્થી લંચ / વર્ક શીટ

બધી જ સુવિધાઓ ફી માં સામેલ છે. (પ્રિ-સ્કૂલ / પ્રાયમરી બન્ને વિભાગમાં)

એક જ પરિવારના બે અથવા બે થી વધુ બાળકો ને ફી માં ૨૦% ની રાહત.



**વિશેષતાઓ :**

- કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, લાઈબ્રેરી
- નિયમિત રીતે બાળકોનું સાપ્તાહિક મૂલ્યાંકન
- કલર વર્કશિટ્સ (પ્રી-સ્કૂલ સ્ટુડન્ટ માટે)
- પ્રાયમરી સેક્શનમાં દરેક વિષયનું સોફ્ટવેર દ્વારા ઇ-લર્નિંગ
- આકર્ષક કે.જી સેક્શન
- કે.જી. સેક્શન માટે આયાની સુવિધા
- વિવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ
- જુનિયર કે.જી. થી હિન્દીનું શિક્ષણ
- દરેક ગામ થી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા
- મંથલિ એસેસમેન્ટ
- કાર્યદક્ષ સ્ટાફ
- અંગ્રેજી માધ્યમમાં ફરજિયાતપણે માતૃભાષાનું શિક્ષણ
- શુદ્ધ અને પોષણયુક્ત ભોજન
- દરેક વિદ્યાર્થીનું વ્યક્તિગત ધ્યાન
- સીમિત વર્ગ સંખ્યા
- વાલીને અનુકૂળ ફી ભરવાની વ્યવસ્થા
- કાયનિંગ રૂમ

લોમેશ ઉપાધ્યાય : 98790 07330
નૃપેશ ઉપાધ્યાય : 99250 34551

આઇડિયલ હાઈસ્કૂલ પાસે, મુ. કોઠંબા

Spectrum Aatithya

An ISO 9001 : 2015 Certified Company


Corporate Servive Apartment



Company Guest House Management







Hotel Apartments/Resorts
House Keeping Services





Bite By Bite
Riverfrunt Restourant

OUR CLIENTS

Email : info@spectrumaatithya.com
Website : www.spectrumaatithya.com

Mr. NILESH SHUKLA
Email : nilesh.shukla@spectrumaatithya.com
# 99748 44949

• Ahmedabad • Mumbai • Gurgaon • Indore • Pune • Bengaluru • Ranchi • Kolkatta

Spectrum Aatithya, Sopan Life Style, Near Seema Hall, Opp. M.G. Partyplot, Jodhpir, Ahmedabad-380015.



# રોહિત દવે

Ex-Manager, GSFC Ltd., Baroda
- આંતરરાષ્ટ્રીય મોટીવેશનલ સ્પીકર અને સોફ્ટ સ્કીલ ટ્રેનર.
- કી નોટ સ્પીકર - કોર્પોરેટ, ક્લબસ (લાયન્સ,રોટરી), મેનેજમેન્ટ એસોશીએશન, કોલેજ, સ્કૂલ, ગ્રૂપ ઓફ સિનિયર સિટીજન એન્ડ વુમન, NGO,(ભારત એન્ડ યુરોપ)
- અમેઝોન બેસ્ટ સેલર લેખક. - ડ્રામા એન્ડ ફિલ્મ કલાકાર.
- સ્ટાર્ટ અપ કોચ એન્ડ એક્સપર્ટ. - પ્રોડક્ટીવિટી કોચ.
- હેબિટ કોચ. - કોર્પોરેટ ટ્રેનર - માર્કેટિંગ એન્ડ સેલ્સ.
- આધ્યાત્મિક એન્ડ પ્રેરણાત્મક કથાકાર.

**મુખ્ય વિષયો :**

- સુખી થવું સહેલું છે. - કમનસીબ કોઈ નથી. - નારી તું નારાયણી. - ધનવાન થવું સહેલું છે.


- સેલ્ફ ડેવલપમેન્ટ. - સફળ લોકોની સારી આદત. - કૉલેજ ટુ કોર્પોરેટ. - કેરિયર ગ્રોથ.

- નોકરી અથવા બીજનેસ. - માર્કેટિંગ એન્ડ સેલ્સ. - સ્ટાર્ટ અપ કઈ રીતે ચાલુ કરાય?

- બોર્ડની પરીક્ષા ની તૈયારી. - હનુમાન ચાલીસા, ભગવદ ગીતા, રામાયણ, માથી જીવન ના પાઠ

**Contact - 786 299 34 33 | email : rohitbdave52@gmail.com**


**૨૫ વર્ષ જૂના અને જાણીતા**







# જોષી ચશ્માવાળા
## & કોન્ટેક લેન્સ ક્લિનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને કોન્ટેકટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

**૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ, બારેજા,**
**તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ. મો. ૮૨૩૮૮૧૧૫૯૧**

# વાર્તા - પૂર્વાપર

-તંત્રીશ્રી, રાજેશ પંડ્યા - રાજ

બીના શેઠાણી અને રાજા શેઠ એકબીજાને બાઝી બાઝીને અને મનુને બથમાં ભરી ભરી રડતા હતાં. ત્રણેય માંથી એકપણ બોલતું નહોતું. ચોધાર આંસુધાર વચ્ચે બીના શેઠાણી તરડાયેલા અવાજે બોલ્યાં " અમે એરપોર્ટ નહિ આવી શકીએ."



મનુ રડતો રડતો બીના શેઠાણીને બથમાં ભરી, છેલ્લે રાજા શેઠને પગે લાગી ગાડીમાં બેઠો.

બીના શેઠાણી અને રાજા શેઠ એમના બંગલાની બહાર હીંચકે જ બેસી પડયાં. ઝરમર ઝરમર વરસાદ ચાલુ થયો. બીના શેઠાણી રડમસ ચેહરે વિચારોના પ્રવાહમાં ઘેરાઈ ગયાં.

આજથી વીસ વરસ પહેલાં અનરાધાર વરસાદ વચ્ચે રોડ સામેના ઝાડ નીચે તુટેલી છત્રી સાથે મજુરણ મા એના પાંચ વરસના દીકરાને છત્રીમાં ઢાંકી રક્ષણ આપતી હતી. ખાવાનું બધું પલળી ગયું હતું, નાનું બાળક 'મા ..ભૂખ લાગી' કરી રોવા જેવું થઈ ગયું હતું. બીના શેઠાણીએ બંગલાના ઉપરના માળમાંથી આ દૃશ્ય જોતાં નોકર જોડે વરસતા વરસાદમાં ઘર માટે બનાવેલ ગરમાગરમ રોટલી-શાક મોકલાવ્યું. મા એ 'ના' પાડી પણ બાળકને રડતું જોઈ નીચું મોં કરી લઈ લીધું. બીના શેઠાણીને મનમાં કરુણાના ભાવ જાગતાં એ ફરી એ તરફ જોવા લાગ્યાં.

બાળકે રોટલી-શાક ખાવાનું શરૂ કર્યું. એટલામાં એક કુતરું આવી ઝાડના થડ પાસે ઉભું રહ્યું. લાંબી જીભ કરી ખાવા માટે તલપાપડ થતું હતું. મા એ એક રોટલી કુતરાને આપી, બાળકે રોટલી માંગી તો બાળકને આપી. ફરી બીજી રોટલી કુતરાને આપી. શેઠાણીએ મોકલાવેલી છ રોટલી પૂરી થઈ ગઈ. બીના શેઠાણી ઉપરના માળેથી ઝડપથી નીચે ઉતર્યા, બે છત્રી લીધી, વરસતા ભારેખમ વરસાદમાં રોડ ક્રોસ કરી સામે ગયાં, બંને મા-દીકરાને સમજાવી પોતાના બંગલામાં લઈ આવ્યાં. ઘરમાંથી કપડાં આપી બંનેને ખુરશીમાં બેસાડયાં. બીના શેઠાણીએ માને વિનંતી કરી ગરમાગરમ રોટલી-શાક આગ્રહ કરીને જમાડયાં. જમીને મા પોતાની થાળી ધોવા જતી હતી. બાળક ભીની થઈ ગયેલી છત્રી હાથમાં લઈ વરસાદમાં જવા લાગ્યો.

માએ વાત શરૂ કરી." બેન તમારો ખૂબ ખૂબ આભાર. અમે કચ્છથી આવ્યાં છીએ. પતિ અને બીજા બે છોકરા ભૂકંપમાં મરી જતાં,ઘર બેસી જતાં આ મનુને લઈ મેં કચ્છ છોડી દીધું. છૂટક મજૂરી કામ કરતાં આ મનુને મોટો કરું છું."

બીના શેઠાણીએ પૂછયું." શુ નામ છે તમારું બેન?"

માએ જવાબ આપ્યો." હીર "

બીના શેઠાણી બોલ્યાં " તમને અમારા ઘેર રહી અમને કામમાં મદદ કરવાનું કહીએ તો ગમે?"

હીર તો રાજીના રેડ થઇ ગઈ.તરત હા પાડી દીધી.

બીના શેઠાણીએ રાજા શેઠને વાત કરી. રાજા શેઠે કહ્યું." મનુને કામમાં નહિ લગાડવાનો. મનુને ભણવા મૂકવાનો એ શરતે કાયમ રહે તો ભલે રહે."

હીર તો સાક્ષાત દેવતાઓને જોઈ રોવા લાગી. આમને આમ બાર વરસનો સમય પસાર થયો. મનુ ભણવામાં ઘણો હોંશિયાર હતો.

એક દિવસ હીર શાક લેવા શાકમાર્કેટ ગઈ. હીર પાછી વળતી હતી અને એક કાર હીટ એન્ડ રન કરી એને અથડાવી દોડી ગઈ.હીર ત્યાં જ મૃત્યું પામી.

મનુ એ વખતે બારમા ધોરણમાં હતો. પિતા, ભાઈઓ અને હવે મા ગુમાવતા એ હતોત્સાહ થઈ ગયો. બીના શેઠાણી અને રાજા શેઠે એને એટલી બધી હૂંફ આપી કે આવું કોઈ ના કરે. મનુનો આત્મવિશ્ર્વાસ ફરી બેઠો થયો. ભણવામાં તો ઘણો હોંશિયાર હતો જ પણ એક પછી એક દુ:ખ એનો કેડો મૂકતું ન હતું. મનુ બીના શેઠાણી અને રાજા શેઠની કાળજીથી બારમા ધોરણમાં ઉચ્ચ પરિણામ લાવી ડોક્ટરીમાં એડમીશન લીધું. ડોક્ટર બન્યો. બીના શેઠાણી અને રાજા શેઠે પોતાની એક માત્ર છોકરી ધારાની જેમ જ મનુનું ધ્યાન રાખતા હતાં. મનુને બંને જણાં સગા છોકરાની જેમ જ સાચવતા હતાં.

મનુએ MD પૂરું કરી અને રિસર્ચ માટે પાંચ વરસ અમેરિકા જવાનું નક્કી કર્યું. ધારા તો લગ્ન કરી બે વરસથી અમેરિકા જ હતી.

મનુ આજે અમેરિકા જવા ઘેરથી નીકળ્યો. બીના શેઠાણીએ અને રાજા શેઠે એને પોતાનો છોકરા કરતાં વિશેષ માનતાં હતાં. નિરાધાર મનુને તો જે ગણો એ આ પરિવાર જ હતો. મનુએ છેલ્લાં બે વરસથી શેઠના શેરબજારના ટ્રેડીંગની જવાબદારી ભણવા સાથે પોતાના હસ્તક લઈ શેઠને નિવૃત્ત કરી દીધા હતા. એ મનુ આજે જતા પહેલા, શેઠ-શેઠાણીને ડ્રોઈંગ રૂમમાં વચ્ચે બેસાડી ત્રણ ફેરા ફરી અને બંનેના ફોટાઓ, હીરનો ફોટો હેન્ડબેગમાં મૂકી ઘર છોડયું હતું.

બીના શેઠાણી અને રાજા શેઠ અડધો કલાક સુધી હીંચકે બેસી રહ્યાં... એક શબ્દ બંને બોલતા નહોતા....બંનેના વિચારો તો સરખા જ હતાં પણ વ્યક્ત ?

-રાજેશ પંડ્યા ‘રાજ’, અમદાવાદ, મો. 9428604119
**કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રુપ-નિર્ણાયકશ્રી**

## શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ, વડોદરાની વાર્ષિક સાધારણ સભા

